## સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની કાર વચ્ચે અકસ્માત

અમદાવાદ,તા. ૨૧

અમરેલી નજીક ગોખરવાળા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાતા સ્વામિનારાયણ સંપ્રદાયમાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે. અકસ્માત બાદ સ્વામિનારાયણ સમુદાયના લોકોમાં પણ અકસ્માતને લઈને માહિતી મેળવવા માટે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. મળેલી માહિતી મુજબ બોલેરો પીક અપ જીપ અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની કાર વચ્ચે ગંભીર જીવલેણ અકસ્માત સર્જાતાં સંત સહિત ત્રણ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે નજીકની સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા. પરંતુ સારવાર દરમ્યાન એક સંતનો દેહવિલય થતા સ્વામિનારાયણ સંપ્રદાયમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ, અમરેલીના ગોરખવાળા નજીક માલ સામાન ભરેલો પીકઅપ બોલેરો અને સ્વામિનારાયણ સંપ્રદાયની કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે, બોલેરો અને સંતોની કારની ટક્કરથી બંને વાહનોનો આગળનો ભાગ કુચ્ચો થઈ ગયો હતો. સંતોની કાર બોલેરોની ટક્કરના કારણે રસ્તાની સાઈડમાં ધકેલાઈ ગઈ હતી. જેમાં સવાર સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરના સંત પ્રેમસ્વરૂપદાસ કોઠારી સહિત ત્રણને ગંભીર ઈજા પહોંચતા તમામને સારવાર માટે અમરેલીની સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

# “સ્વર ધડકન”માં શહેરના વડિલોએ દિલ ધડકાવ્યા..!!!

**શનિવારે રાત્રે ડો. આંબેડકર હોલમાં ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ૨૦ થી વધુ વડિલોએ નવા-જૂના ગીતોની રમઝટ જમાવી**




ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સંગીત રસિકોને શનિવારે એક નવતર પ્રયોગ માણવા મળ્યો હતો. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તથા ઓલ ઈન્ડિયા કેરીઓકે આર્ટિસ્ટ એસોસિએશનના સહયોગથી શહેરની હેત ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ડૉ. આંબેડકર હોલ ખાતે “સ્વર ધડકન” કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા અને ગાયનનો શોખ ધરાવતા ૨૦ થી વધુ વડિલોએ સુમધુર ગીતો પ્રસ્તુત કર્યા હતા.

સંગીત એ જીવનનું અભિન્ન અંગ છે અને અનેક વ્યક્તિઓ પોતાના ઘરમાં કે બહાર એકાંતમાં પણ ગીતો ગુન ગુનાવતા હોય છે. શહેરમાં આવી રીતે ગાયનનો શોખ ધરાવતા ૫૦થી વધુ વયના નાગરિકોના શોખને મંચ પુરૂ પાડવાના ઉદ્દેશથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પૂર્વ ગૃહમંત્રી તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ ચેરમેન મહેન્દ્ર ત્રિવેદી, પૂર્વ મંત્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ, કલા ગુર્જરી સંસ્થાના જયરાજસિંહ સરવૈયા તથા આશાબેન સરવૈયા, કડી કેમ્પસના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, લક્ષ્મી બેકરીના કિશોરભાઈ, જાણીતા ગાયક બિરેન પુરોહિત વગેરે સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સ્વર ધડકનમાં શહેરના ૨૦ થી વધુ વડિલોએ ગાયકી પર હાથ અજમાવ્યો હતો અને હિન્દી ફિલ્મોના નવા-જુના ગીતો ઉપરાંત ગુજરાતી ગઝલોની પણ પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન એન્કર બિજોય તિવારીએ કર્યુ હતુ. કાર્યક્રમમાં પૂનાના વિક્રમી ગાયક તથા ઓલ ઈન્ડિયા કેરીઓકે આર્ટિસ્ટ એસોસિએશનના પ્રમુખ તુષાર ત્રિવેદીએ ટેકનિકલ સહયોગ પુરો પાડ્યો હતો. કાર્યક્રમના આયોજન માટે સંજય તન્ના તથા કિરિટકુમાર અગ્રાવતે ભારે જહેમત ઉઠાવી હતી.

## ગુજરાત ચેમ્બર અને એશિયન આફ્રિકી ચેમ્બર વચ્ચે સમજૂતિ કરાર

**ગુજરાતને મેડિકલ ટુરિઝમનું હબ બનાવવા કવાયત**

અમદાવાદ,તા. ૨૧

એશિયન પ્રદેશમાં સીંગાપોર, બેંગકોક, થાઈલેન્ડ સહિતના શહેરો મેડિકલ ટુરીઝમના હબ બની ગયા છે અને વિશ્વભરમાંથી આશરે ૬૦ ટકા લોકો આવા મેડિકલ હબ તરફ સારવાર માટે વળ્યા છે ત્યારે ગુજરાતને પણ હવે મેડિકલ ટુરીઝમનું હબ બનાવવાની દિશામાં ગંભીર કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે પોષાય તેવા દરે આરોગ્યવિષયક સેવા ઉપલબ્ધ બનાવવા, વેલનેસ-મેડિકલ ટુરીઝમને પ્રોત્સાહન આપવા, મેડિકો લીગલ કેસીસ કંટ્રોલ કરવા, અત્યાધુનિક અને તમામ પ્રકારની તબીબી સેવા અને સારવાર ઉપલબ્ધ બનાવવા સહિતના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તેમ જ ભારત સરકારના આયુષ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને ગુજરાત સરકારના સહયોગથી અમદાવાદ શહેરમાં ગ્લોબલ હેલ્થકેર લીડરશીપ ફોરમ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશ-વિદેશથી નિષ્ણાત તબીબો, આરોગ્ય અને તબીબી સેવાના નિષ્ણાત તજજ્ઞો સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.



દિપાવલી કાઉન્ટ-ડાઉન : દિવાળી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં ખરીદીનો જોરદાર માહોલ જામ્યો છે. ત્રણ દરવાજા વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા.

# પાટીદાર શહીદોના પરિવારજનોને હજુય નોકરી મળી નથી : રેશ્મા પટેલ

**રેશ્મા પટેલે રૂપાણીને પત્ર લખી માંગણી કરી : રેશ્મા પટેલે ભાજપમાં જ રહીને પોતાના પક્ષ સામે બળાપો કાઢ્યો : રેશ્મા પટેલના બદલાયેલા વલણને લઇ ચર્ચાઓ**

અમદાવાદ,તા.૨૧

ભૂતપૂર્વ પાસ કન્વીનર રેશ્મા પટેલને જાણે અચાનક પાટીદારોની માંગણીઓ યાદ આવી ગઈ હોય તેમ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખ્યો છે. રેશ્મા પટેલે આ પત્ર પોતાના ફેસબુક એન્કાઉન્ટ પેજ પરથી મુખ્યમંત્રીને લખ્યો છે. જો કે,



રેશ્મા પટેલ દ્વારા સીએમને પત્ર લખવાના વલણ અને અચાનક પાટીદાર ભાઈઓની યાદ આવી જતાં ભાજપની સાથે સાથે પાટીદાર સમાજમાં પણ ભારે ચર્ચા અને આશ્ચર્યનો વિષય બન્યો છે. બીજીબાજુ, રેશ્મા પટેલ અંદરખાને ભાજપથી નારાજ છે કે શું કે તે રિસાયા છે તેવી ચર્ચાએ પણ જોર પકડયું છે. પાટીદાર અનામત આંદોલન બાદ થોડા સમય પહેલાં ભાજપમાં જોડાયેલી રેશ્મા પટેલે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, આદરણીય મુખ્યમંત્રી સાહેબ, તા.૨૧મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ હું ભાજપ સાથે જોડાઈ હતી. આજે એક વર્ષ પૂરું થઈ ગયું છે. હું સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, ભાજપમાં જોડાતી વખતે સમાજની અમુક માંગોને પૂર્ણ કરવાની શરતો સાથે અમે બીજેપીમાં જોડાયા હતા. આજે તેમાંની એક મહત્વપૂર્ણ માંગ એવી શહીદોને નોકરી અપાવવાની માંગ પણ પૂર્ણ થઈ નથી. આ વાતને હું મારી ફરજ સમજીને સરકાર સમક્ષ મારો પક્ષ મુકી રહી છું અને આ મહત્વપૂર્ણ માંગને સમાજહિતમાં પૂર્ણ કરવા માટે વિનંતિ કરું છું. રેશ્મા આગળ લખે છે કે, મને જ્યારે પણ તક મળી ત્યારે હું નેતાગણ સામે સમાજની આ મહત્વપૂર્ણ માંગણીને પૂરી કરવાની દરખાસ્ત મૂકતી રહી છું, પરંતુ ખૂબ દુઃખ સાથે મારે લખવું પડે છે કે, અત્યાર સુધી ફક્ત એક ઘાયલ ભાઈના પરિવારને નોકરી મળી છે. અન્ય પરિવારો નોકરીથી વંચિત છે. શહીદ પરિવારને નોકરી આપવા માટે એક વર્ષનો સમય પૂરતો છે. એક વર્ષમાં તમામ પરિવારને નોકરી મળવાની પ્રક્રિયા પૂરી થઈ જવી જોઈતી હતી, આ વાત સ્વભાવિક છે. હું સરકારને વિનંતિ કરું છું કે આ પ્રક્રિયા ઝડપથી પૂરી કરવામાં આવે. જેથી શહીદ પરિવારના હકદાર લાભાર્થીઓને નોકરીનો લાભ મળે. આમ રેશ્મા પટેલે ભાજપમાં જ રહીને પોતાના પક્ષ સામે બળાપો કાઢ્યો છે. ભાજપ પાટીદાર સમાજની માંગણી પૂરી કરશે તેવી માંગણી સાથે રેશ્મા પટેલ પક્ષમાં જોડાયા હતા. જોકે, હવે તેમના પત્ર પરથી સ્પષ્ટ થાય છે ભાજપે જે તે સમયે રેશ્મા પટેલને જે વચનો આપ્યો હતા તે પૂરા થયા નથી. રેશ્મા પટેલના બળાપા બાદ શિસ્ત માટે જાણીતી ભારતીય જનતા પાર્ટી તેમની શું પગલાં લે છે તે જોવાનું રહ્યું. એટલું જ નહીં રેશ્મા પટેલ પણ ભાજપ સાથે પોતાનું જોડાણ ચાલુ રાખે છે કે પછી પક્ષને રામરામ કરશે એ પણ આગામી સમયમાં માલુમ પડશે. રેશ્મા પટેલે જણાવ્યું કે, સમાજની કેટલીક માંગણીઓને લઈ હું ભાજપમાં જોડાઈ હતી, પરંતુ અત્યાર સુધી સરકારે અમારી કેટલીક માંગણીઓ પુરી કરી નથી. પરંતુ સમાજની માંગણીઓને લઈને લડતી રહીશ. તમને જણાવી દઈએ કે, એક વર્ષ અગાઉ ભૂતપૂર્વ પાસ કન્વીનર રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ભાજપમાં જોડાયા હતા. તે વખતે રાજકારણ અને પાટીદારોમાં ઉગ્ર રોષની લાગણી વ્યાપી હતી. હવે ફરી એકવાર રેશ્મા પટેલને પાટીદાર સમાજના ભાઈઓની યાદ આવતાં સમાજમાં પણ ભારે ચર્ચા અને આશ્ચર્યની લાગણી ફેલાઈ છે. તો હવે ભાજપથી અંદરખાને રેશ્મા પટેલ નારાજ હોવાની ચર્ચાએ પણ જોર પકડયું છે ત્યારે આગામી દિવસોમાં તે ફરી એકવાર હાર્દિક પટેલ સાથેના આંદોલનમાં જોડાય છે કે કેમ તે મુદ્દે પણ જોવાનું રસપ્રદ રહેશે.

# રાકેશ અસ્થાના સામે એફઆઈઆર દાખલ

**સીબીઆઇ ઉપરાંત પોલીસ બેડામાં ખળભળાટ : મીટ કારોબારી કુરેશીના કેસને બંધ કરાવવાના બદલામાં રાકેશ અસ્થાનાએ બે કરોડની લાંચ લીધા હોવાનો આરોપ**

અમદાવાદ, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત વિશ્વાસુ મનાતા અને ગુજરાત કેડરના આઈપીએસ ઓફિસર અને હાલ સીબીઆઈના સ્પેશ્યલ ડાયરેક્ટર એવા રાકેશ અસ્થાના વિરૂધ્ધ આખરે રૂ. બે કરોડ રૂપિયાની લાંચના ચકચારભર્યા કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, ત્યારે વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે યોજાયેલા રાકેશ અસ્થાનાની દીકરીના ભવ્ય લગ્ન સાથે સંકળાયેલા ૧૬ બિઝનેસમેનની પૂછપરછ માટે સીબીઆઈની ટીમ વડોદરા આવી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. જાણીતા મીટ કારોબારી મોઈન કુરેશીના કેસનો બંધ કરાવવાના બદલામાં સીબીઆઈના ડાયરેક્ટર રાકેશ અસ્થાનાએ રૂ.બે કરોડની લાંચ લીધી હોવાના આરોપમાં સીબીઆઈ દ્વારા જ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં દેશની ઈન્ટેલિજેન્સ એજન્સી રોના સ્પેશ્યલ ડાયરેક્ટર સમંશ્કુમાર ગોયલનું નામ પણ સામેલ છે. એવીડેન્સ એકટની કલમ-૧૬૪ પ્રમાણે સીબીઆઈએ મેજિસ્ટ્રેટ સમક્ષ ટેલિફોનિક વાતચીત, વોટ્સએપ મેસેજ, મની ટ્રેલ અને સ્ટેટમેન્ટ રજૂ કર્યા છે. આ ફરિયાદ બાદ વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે યોજાયેલા રાકેશ અસ્થાનાની દીકરીના ભવ્ય લગ્ન સાથે સંકળાયેલા સમરજીતસિંહ ગાયકવાડ, પિયુષ શાહ સહિતના ૧૬ બિઝનેસમેનની પૂછપરછ માટે સીબીઆઈની ટીમ વડોદરા આવી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.



## ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપક મંડળના પ્રમુખ તરીકે રંગુસિંહ સોલંકીની નિમણુંક

તલોદ, તા. ૨૧

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના



પાંચ જિલ્લામાં પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીમાં અધ્યાપક કલ્યાણ મંડળના એસોસિએટ પ્રમુખ તરીકે પ્રો. રંગુસિંહ બી. સોલંકીની બિન હરિફ વરણી થતા તેમની શ્રેષ્ઠ કામગીરીને અધ્યાપકોએ આવકારતા સામાજીક અને શૈક્ષણિક રીતે આગવી ઓળખ ઉભી કરતા સોલંકીની નિમણુંક કરવામાં આવી છે. જેને સમગ્ર અધ્યાપક મંડળો દ્વારા અભિનંદન પાઠવતા આનંદ અને ગૌરવની લાગણી સાથે આભાર પ્રગટ કર્યો છે.

## બે બાળકી રમતા પાણીની ટાંકીમાં પડી

અમદાવાદ, તા.૨૧

સુરતના મગદલ્લા વિસ્તારમાં બે બાળકી રમતા રમતા પાણીની ટાંકીમાં પડી ગઈ હતી. ટાંકીમાં પડી જવાના કારણે એક બાળકીનું મોત નિપજયું હતું. જયારે અન્ય બાળકીને સ્થાનિકોની મદદથી ૧૦૮ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સ્થાનિક પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. બીજીબાજુ, આ બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

# અનાથ-નિરાધાર બાળકો પ્રત્યે સમાજની જવાબદારી બને છે

**બિનીતાના તારા નામે લખુ હું કલશોરનું વિમોચન : રતિલાલ બોરીસાગર-ક્રિશ્ના દવે દ્વારા અનાથ બાળકોના જીવનમાં પરિવર્તન સૂચવતા પુસ્તકનું કરાયેલું વિમોચન**

અમદાવાદ,તા.૨૧

આજની ભાગદોડભરી અને માનસિક તાણવાળી જીંદગી અને પૈસાની આંધળીદોટની વ્યસ્તતા વચ્ચે પણ જીવનમાં બાળકો-સંતાનોને માતા-પિતાએ પૂરતો સમય, પ્રેમ અને હુંફ આપવા જોઈએ, કારણ કે, તે જ સાચા અર્થમાં તેના બાળપણની સાથે સાથે જીવનમાં આવનારા સમય અને ભવિષ્યનું ઘડતર કરવામાં મદદરૂપ બનશે, અન્યથા બાળક કુમળીવયથી જ જીવનની દિશા ભટકી જશે. સમાજમાં આજે એવા ઘણા અનાથ, નિરાધાર અને નિસહાય બાળકો પણ છે કે જેનું કોઈ નથી, ત્યારે સમાજના લોકોએ સમય, પ્રેમ અને હુંફનો આ અભિગમ તેમના પરત્વે પણ અપનાવી સમાજને કંઈક પરત પ્રદાન કરવું જોઈએ એમ અત્રે શહેરના જાણીતા લેખિકા બિનીતા જયેશ જોષીએ જણાવ્યું હતું. સામાન્ય રીતે લોકો પબ્લીસીટી કે કોમર્શીયલ ધોરણે પુસ્તકો લખતા હોય છે પરંતુ સમાજમાં કોઈની મદદ કરવાના હેતુથી અને સમાજમાં એક હકારાત્મક બદલાવની પ્રેરણાના ઈરાદાથી નિઃસ્વાર્થભાવે પુસ્તક લખવાનું બીડું ઝડપ્યું શહેરના જાણીતા લેખિતા બિનીતા જયેશ જોષીએ. સમાજના અનાથ, નિરાધાર અને નિઃસહાય બાળકો માટે સમાજને અનોખી પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતું બિનીતા જોષી દ્વારા લખાયેલા પુસ્તક - તારા નામે લખુ હું કલશોરનું જાણીતા સાહિત્યકાર, નિબંધકાર અને હાસ્યલેખક રતિલાલ બોરીસાગર અને ક્રિશ્ના દવેના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. અનાથ બાળકોની આશા, સપનાઓ અને અપેક્ષાઓનું સુંદર રીતે વર્ણન આ પુસ્તક- તારા નામે લખુ હું કલશોરમાં કરવામાં આવ્યું છે.

## ફોજને નમન

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાલ કિલ્લા પર આયોજિત કાર્યક્રમમાં કહ્યું હતું કે, દેશવાસિઓને આઝાદ હિંદ સરકારને ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે તેઓ અભિનંદન આપે છે. આઝાદ હિંદ સરકાર માત્ર નામની ન હતી. નેતાજીના નેતૃત્વમાં આ સરકારે દરેક ક્ષેત્રમાં નવી યોજનાઓ બનાવી હતી. આ સરકારની પોતાની બેંક હતી. પોતાના ચલણ હતા. પોતાની ટપાલ ટિકિટ હતી. ગુપ્તચર સેવા હતી. ઓછા સંશાધનમાં આવા શાસકની સામે લોકોને એકત્રિત કરવામાં આવ્યા હતા. મોદીએ સુભાષચંદ્રના પત્રનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, સુભાષ બાબુએ નાના હતા ત્યારે પોતાની માતાને એક પત્ર લખ્યો હતો. ૧૯૧૨માં આ પત્ર લખવામાં આવ્યો હતો. તે ગાળામાં તેમનામાં ગુલામ ભારતને લઈને વેદના હતી. તે વખતે તેઓ ૧૫થી ૧૬ વર્ષના હતા. પત્રમાં પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, શુ ભારત દિનપ્રતિદિન વધારે પતનની દિશામાં જશે. ભારતમાં એવા કોઈ પુત્ર નથી જે સમગ્ર રીતે પોતાના સ્વાર્થને ભુલીને પોતાના જીવનને અર્પિત કરે. અમે ક્યાં સુધી ઉંઘતા રહીશું. મોદીએ કહ્યું હતું કે, આ વર્ષે લાલ કિલ્લા પર આઝાદ હિંદ ફોજના સેનાની શાહનવાઝે કહ્યું હતું કે, સુભાષચંદ્ર એવી પહેલી વ્યક્તિ હતી જે વ્યક્તિએ ભારત હોવાનો અનુભવ તેમના મનમાં કરાવ્યો હતો. કેમ્બ્રિજના પોતાના દિવસની યાદ કરતા સુભાષચંદ્રએ લખ્યું હતું કે, અમને સિખવાડવામાં આવતું હતું કે, યુરોપ ગ્રેટ બ્રિટનના ગ્રુપ તરીકે છે જેથી યુરોપને બ્રિટનના ચશ્માથી જોવાની ટેવ છે.

## નાપાક હરકત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, અથડામણ બાદ એન્કાઉન્ટર સ્થળ પર ન જવાની લોકોને અપીલ કરવામાં આવી હતી પરંતુ કેટલાક લોકો પહોંચી ગયા હતા. આ ગાળા દરમિયાન જ એક બ્લાસ્ટ થયો હતો જેમાં ત્રણના મોત થયા હતા. કુલગામના લારનુમાં આજે સવારે અથડામણ બાદ સ્થાનિક લોકોએ પોલીસના આદેશની અવગણના કરીને એન્કાઉન્ટર સ્થળે પહોંચી ગયા હતા જેના પરિણામ સ્વરુપે જ્યારે ભીડ હતી ત્યારે જ એક બ્લાસ્ટ થયો હતો જેમાં ત્રણના મોત થયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ બ્લાસ્ટ બાદ સ્થળે પહોંચેલી સેના, પોલીસ અને સીઆરપીએફના જવાનોએ ઘાયલ થયેલા લોકોને બ્લાસ્ટના સ્થળથી બહાર કાઢ્યા હતા અને તેમને વહીવટીતંત્રની મદદથી કુલગામમની સ્થાનિક હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. આમાથી કેટલાક લોકોની હાલત ગંભીર હોવાથી શ્રીનગરમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં કેટલાક ગંભીર છે. આ બ્લાસ્ટથી પહેલા અથડામણ થઈ હતી જેમાં સુરક્ષા દળોએ ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. સેનાની રાષ્ટ્રીય રાયફલને શનિવાર અને રવિવારની રાત્રે કુલગામ જિલ્લાના લારનુ વિસ્તારમાં બેથી ત્રણ ત્રાસવાદીઓની અવરજવર અંગે માહિતી મળી હતી જેને ધ્યાનમાં લઈને આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાષ્ટ્રીય રાયફલ, જમ્મુ કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સના જવાનોએ વ્યાપક શોધખોળ કામગીરી હાથ ધરી હતી. એ ગાળા દરમિયાન એક મકાનમાં છુપાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળો ઉપર ગોળીબાર કર્યો હતો અને ફરાર થવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જવાબી કાર્યવાહી કરવામાં આવતા ત્રણ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. તેમની પાસેથી હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો. કાર્યવાહી બાદ મિડિયા સાથે વાતચીત કરતા રાજ્યના ડીજીપી દિલબાગસિંહે કહ્યું હતું કે, ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા બાદ ઓપરેશન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આતંકવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે. અથડામણ બાદ બ્લાસ્ટના અહેવાલ બાદ સુરક્ષા દળોને ફરીથી ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. કુલગામમાં તંગદિલીને ધ્યાનમાં લઈને ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી. સેના, પોલીસ અને સીઆરપીએફની ટીમો પણ ગોઠવી દેવામાં આવી હતી.

## અવઢવમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસના વલણને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું છે કે, માત્ર શ્રદ્ધાળુ જ મંદિરમાં જઈ શકે છે. હાલના સમયમાં કેરળની પોલીસ જે કંઈ કરી રહી છે તે યોગ્ય નથી. જો અમારી સરકાર રહી હોત તો મામલાને વધારે સારીરીતે હાથ ધરી શક્યા હોત. કેરળના સબરીમાલા મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશને લઈને ઘમસાણ જારી છે. આજે પણ હિંસક પ્રદર્શન જારી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ વયની મહિલાઓના પ્રવેશને મંજુર આપી હોવા છતાં હજુ સુધી કોઈ પણ મહિલા મંદિરમાં પ્રવેશ કરી શકી નથી. દેખાવકારો આક્રમક દેખાવ કરી રહ્યા છે. પોલીસ પર દેખાવકારો ભારે પડી રહ્યા છે. બીજી બાજુ શુક્રવારે પણ બે મહિલા મંદિરના એન્ટ્રી પોઈન્ટ સુધી પહોંચી ગયા બાદ દેખાવકારોએ તેમને પરત ફરવા માટે અપીલ કરી હતી. સબરીમાલા એન્ટ્રી વિવાદ દિનપ્રતિદિન વધુ ગંભીર બની રહ્યો છે. મંદિરમાં પ્રવેશ માટે પહોંચેલી મહિલાઓને પરત મોકલવામાં આવી રહી છે. કેટલીક મહિલાઓની સાથે ધક્કામુક્કી પણ કરવામાં આવી છે. મંદિરમાં પ્રવેશ કરનાર મહિલા કાર્યકર રહેના ફાતિમાના આવાસ ઉપર તોડફોડ કરવામાં આવી હતી. સબરીમાલા મંદિરની બહારનો નજારો યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો છે. સબરીમાલા સિન્નીથાનમની નજીક વલિયા નદાપંડાલમાં બે મહિલાઓને આગળ જતા રોકવામાં આવી હતી. આજે બે મહિલાઓ આઈજીની સાથે ૨૫૦ સુરક્ષા કર્મીઓ સાથે મંદિરમાં પ્રવેશ કરવા પહોંચી હતી પરંતુ સફળતા મળી ન હતી. એક ખ્રિસ્તી મહિલાને પણ વિરોધ બાદ પરત ફરવાની ફરજ પડી હતી. રાજ્ય વહીવટીતંત્ર દ્વારા શાંતિ જાળવી રાખવા માટે દેખાવકારોને અપીલ કરવામાં આવી રહી છે. મંદિરના એન્ટ્રી સ્થળ પર પહોંચી ગયેલી બે મહિલામાં હૈદરાબાદ મોજો ટીવીની પત્રકાર કવિતા જક્કલ અને કાર્યકર રિહાના ફાતિમાનો સમાવેશ થાય છે. સબરીમાલા મંદિરના પુજારા મહિલાઓને મંદિરમાં ન આવવા માટેની અપીલ કરી રહ્યા છે. જ્યારે દેખાવકારો સુપ્રીમ કોર્ટના આદેશની સામે મહિલાઓના પ્રવેશને રોકવા માટે દેખાવ કરી રહ્યા છે.

## કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલું

માટે નિર્દેષ્ઠ કરવામાં આવે છે. આવી ખાવાની વસ્તુ જે ખેતી, બાગાયત અથવા પશુપાલન અને ડેરી ઉદ્યોગ અથવા મત્સ્યદ્યોગ તેના કુદરતી સ્વરૂપમાં જે વધુ મોટા થવું, વાવેતર થવું, ચુંટવું, લણગું, ખેડવું સીવાય વ્યક્તિના હાથમાં એકઝીન કરવા કે પકડવાનું પરિણામ હોય તેને પ્રાથમિક ખાદ્ય ચીજ કહેવામાં આવે છે જેના ઈરાદાપૂર્વક ઉપયોગ માટે માનવ વપરાશ માટે સ્વીકારપાત્ર વસ્તુ છે.

કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર કોઈ ખાદ્ય ચીજ વસ્તુ અથવા ભેળસેળમાં વપરાતો પદાર્થ અધિકારી જપ્ત કરે જે વ્યક્તિને નુકશાન થાય તેમ હોય તો આ ગુન્હા માટે એક લાખ સુધીના દંડની જોગવાઈ છે. ખાદ્ય ચીજવસ્તુ પૃથ્થકરણ અહેવાલની ચકાસણી કર્યા પછી તેના ભંગ બદલ ૧૪ દિવસમાં ખાદ્ય ચીજ સલામતી કમિશ્નરને રીપોર્ટ પાઠવવામાં આવે છે જેમાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે.